# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2555 ❖ વૈશાખ પૂર્ણિમા ❖ 17 મે 2011 ❖ વર્ષ – 12 ❖ અંક – 02 ❖ સળંગ અંક - 134


## ધમ્મવાણી

यो हवे दहरो भिक्खु, युञ्जति बुद्धसासने ।
सोमं लोकं पभासेति, अब्भा मुत्तोव चन्दिमा ।।
धम्मपद ३८२

કોઇ પણ તરુણ સાધક બુદ્ધ ના શાસનમાં જોડાઇ જાય છે તે (અર્હત્વ - પ્રાપ્તિના માર્ગના જ્ઞાનમાં) મેઘમુક્ત - ચંદ્રમા સમાન આ (खंधादिभेद) લોકને પ્રકાશિત કરે છે.

## બીજાંઓના હિત-સુખ માટે વિચરણ કરો

ભગવાને અષાઢી પૂર્ણિમાના દિવસે પોતાના પાંચેય બ્રાહ્મણ સાથીઓને મુક્તિનો માર્ગ શીખવ્યો, જેના પર ચાલતાં ચાલતાં એ પાંચેય અરહંત થયા. એક મહિનો વીતતાંમાં વાણિયાના પુત્ર યશોજ સાથે બીજા ચોપન વણિકપુત્રોને પણ ધર્મ શીખવ્યો. જેથી તેઓ પણ ધર્મ પ્રાપ્ત કરીને મુક્ત થયા. ત્યારે સંસારમાં બુદ્ધ સહિત કુલ ૬૧અરહંત ભિક્ષુ થયા.

જે વ્યક્તિ ભિક્ષુસંઘમાં સામેલ થાય છે, તેનો જન્મ ભલે ગમે તે કુળ કે વર્ણમાં થયો હોય, તે અલગ નથી રહી શકતી. જેવી રીતે ભિન્ન ભિન્ન નદીઓનું પાણી સમુદ્રમાં જઇને એકરસ, એકાકાર બની જાય છે અને કહી નથી શકાતું કે ક્યું પાણી કઇ નદીનું છે ! એ રીતે સંઘમાં સામેલ થયા પછી એવું કહી નથી શકાતું કે આ પૂર્વે તે બ્રાહ્મણ વર્ણનો હતો કે વૈશ્ય વર્ણનો. ભિક્ષુ ભિક્ષુ છે, ભલે તે આ વર્ણમાંથી આવ્યો હોય કે પેલા વર્ણમાંથી, ભિક્ષુસંઘમાં સામેલ થયા પછી એવું કહી નથી શકાતું. પરંતુ આજના ભારતમાં કેટલાક બ્રાહ્મણો અને વાણિયા પોતાને ઊંચી જાતિના માનીને બુદ્ધની જાતિવિરોધી સર્વજનીન શિક્ષાનો વિરોધ કરે છે. આ તેમની જાણકારી માટે છે કે બુદ્ધે આ બે જાતિના લોકોને પોતાનો પ્રથમ ઉપદેશ આપ્યો. એટલું જ નહિ, સૌ પ્રથમ ધર્મ પ્રસારણનું કાર્ય પણ તેઓને જ સોંપ્યું.

ભગવાને સાઠ ભિક્ષુઓને એકઠા કરીને કહ્યું કે તમે બધા પુનર્જન્મનાં બંધનોમાંથી સર્વથા મુક્ત થઇ ચૂક્યા છો. અધોગતિમાં જન્મ થવાનો તો કોઇ પ્રશ્ન જ નથી. તમે માનવ, દેવ તેમ જ બ્રહ્મલોકના બંધનોમાંથી પણ મુક્ત થઇ ગયા છો. હવે કોઇ પણ લોકમાં તમારો જન્મ થવાનો સંભવ નથી. અર્થાત્ તમારું ભવસંસરણ સમાપ્ત થઇ ચૂક્યું છે. તમને જે મુક્તિ પ્રાપ્ત થઇ છે તે કેવળ તમારા સુધી જ સીમિત ન રહે. હવે તમે ઘણાના હિત–સુખ માટે લોકો પર અનુકંપા કરીને દેવ–મનુષ્યોના હર્ષ અને હિત–સુખ માટે આ વિદ્યા વહેંચતાં વહેંચતાં વિચરણ કરો. એ સાઠ અરહંતો માટે ધર્મચારિકાનો આ પ્રથમ મંગલમય ઉપદેશ હતો. ભગવાન ઇચ્છતા હતા કે બે અરહંતો એકીસાથે ન જાય. બધા અલગ–અલગ માર્ગ પર ધર્મપ્રસારમાં લાગી જાય. જેથી અધિકમાં અધિક લોકો તેઓના સંપર્કમાં આવે અને પોતાનું હિત–સુખ સાધી લે.

લોકોને શું શીખવવું અને કેવી રીતે શીખવવું તે પણ સ્પષ્ટ કર્યું. સારી રીતે વ્યંજિત કરીને, બ્રહ્મચરણ (ધર્માચરણ) નું પ્રકાશન કરો. આ ધર્મ નિતાંત પરિશુદ્ધ છે, નિતાંત પરિપૂર્ણ છે. પરિશુદ્ધ એ અર્થમાં કે અશુદ્ધ સમજીને તેમાંથી કંઇ બાદ કરવાની ગુંજાશ નથી. પરિપૂર્ણ એ અર્થમાં કે કોઇ અધૂરપ જોઇને તેમાં બીજું કશુંય ઉમેરવાની આવશ્યકતા નથી. આ ધર્મ આદિમાં કલ્યાણકારી છે. અર્થાત્ શીલપાલનમાં કલ્યાણકારી છે, મધ્યમાં કલ્યાણકારી છે. અર્થાત્ સમાધિ કલ્યાણકારી છે, અને અંતમાં કલ્યાણકારી છે. અર્થાત્ પ્રજ્ઞામાં કલ્યાણકારી છે. તેથી શીલ, સમાધિ, પ્રજ્ઞાના આ આર્ય–આષ્ટાંગિક માર્ગને **केवलपरिपुण्णं परिशुद्धं**... કહ્યો.

કોઇ વ્યક્તિ જ્યારે સમ્યક્ સંબુદ્ધ બને છે. તે સમયે અનેક પૂર્ણ પારમી–સંપન્ન લોકો જન્મ લે છે. તેથી કહ્યું, સમાજમાં એવા લોકો વિદ્યમાન છે, જે તમારી પ્રતીક્ષા કરી રહ્યાં છે. સદ્ધર્મ (સત્ય ધર્મ) જો તેમને નહિ આપવામાં આવે તો તેઓની હાનિ થશે, અને જો પ્રાપ્ત કરી લેશે. તો તેના અભ્યાસ થકી નિશ્ચિત–રૂપે તેઓનું કલ્યાણ થશે. તેઓ પણ ભવસંસરણમાંથી મુક્ત થઇ જશે.

આમ પોતાના સાઠ અરહંત શિષ્યોને ભિન્ન ભિન્ન સ્થાનો પર ધર્મચારિકા માટે મોકલ્યા અને પોતે ઉરુવેલાના સેનાની નિગમ તરફ પ્રસ્થાન કર્યુ, જેથી ત્યાંના લોકોને પોતે ધર્મદેશના આપી શકે.

ભગવાન તથા તેઓના સાઠ અરહંત શિષ્યો દ્વારા સદ્ધર્મના પ્રચાર–પ્રસાર માટે માંડવામાં આવેલું આ પહેલું કદમ હતું.

ભગવાનના ઉપરોક્ત આદેશનો એક એક શબ્દ ગંભીર છે, કલ્યાણકારી છે. તેમ છતાં બે–ત્રણ શબ્દો વિશેષરૂપે ધ્યાન આપવા યોગ્ય છે.

**ધર્મ :-**

આ ધ્યાન આપવા યોગ્ય છે કે ભગવાને આ પ્રારંભિક આદેશથી માંડીને પોતાના સંબોધિમય જીવનના ૪૫ વર્ષોમાં ધર્મને ક્યાંય પણ 'બૌદ્ધ ધર્મ' નથી કહ્યો. એ સાચું છે કે પાલિ વર્ણમાળામાં 'ઔ' સ્વર છે જ નહીં, તો બૌદ્ધ ક્યાંથી કહે ? પરંતુ એ પણ સાચું છે કે વર્ણમાળામાં 'ઓ' સ્વર હોવાના કારણે જ્યાં–જ્યાં **'बोद्ध'** શબ્દનો પ્રયોગ થયો છે. ત્યાં પણ સંપ્રદાયના અર્થમાં **'बोद्धधर्म'** નથી કહેવાયું. તેઓના અનુયાયીઓ માટે પણ **'बोद्धधर्म'** જેવા કોઇ સંપ્રદાયવાચક શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો નથી. તેથી સ્પષ્ટ છે કે ભગવાનની મૂળ શિક્ષા સંપ્રદાયવાદી ન હતી. ભગવાન **'बौद्धधर्म'** ના નામે કોઇ સંપ્રદાય સ્થાપિત કરવા માગતા ન હતા. કારણ કે તેઓ સ્વયં સંપ્રદાયવાદના વિરોધી હતા અને પોતાના અનુયાયીઓને **'बौद्ध'** કહેવાનું ઉચિત સમજતા ન હતા. તેથી તેઓએ પોતાની શિક્ષાને ધર્મ કહી, અથવા ક્યાંક ક્યાંક **'सद्धर्म'** કહી, એટલે કે સત્ય એ જે નિસર્ગના સાર્વજનિક નિયમો પર આધારિત છે. આ પ્રકારે તેઓએ ધર્મપાલકોને **'धम्मी'** (ધર્મી) **धम्मीको** (ધાર્મિક) **धम्मचारी**,

**धम्मविहारी** કહ્યા, જે સાંપ્રદાયિક શબ્દો નથી. બલ્કે સર્વજનીન છે. સર્વજનીન ધર્મનું પાલન બધાં કરી શકે છે, ધાર્મિક બધાં બની શકે છે.

**સવ્યંજન અને સાર્થક :-**

સવ્યંજન એટલે ધર્મ એવા શબ્દો દ્વારા વ્યંજિત કરવામાં આવે, જેથી લોકો સ્પષ્ટરુપે સમજી શકે. સાર્થક એટલે તેનું પ્રતિપ્રાદન કરીને પોતાના જીવનનો અર્થ સાધી લે. ધર્મ કેવળ વ્યંજન સુધી જ સીમિત હોય તો તે '**परियत्ति**' કહેવાય છે. તેનાથી ધર્મને બુદ્ધિના સ્તરે સમજવો સરળ છે. પરંતુ જો ધર્મ પરિયત્તિ સુધી જ સીમિત રહી જાય તો તેનો યથાર્થ લાભ નથી મળતો. પરિયત્તિમાં બતાવવામાં આવેલ માર્ગ પર કદમ કદમ પ્રતિપાદન કરવાથી જ ધર્મ સાર્થક થાય છે. તેને '**पटिपत्ति**' (પ્રતિપત્તિ) અર્થાત 'પ્રતિપાદન' કહ્યું.

તે સમયના જ નહિ, બલ્કે ભવિષ્યમાં પણ બુદ્ધશાસનના જે ધર્મદૂતો હોય, તમણે પરિયત્તિ અને પટિપત્તિ બંનેમાં નિપુણ થવું આવશ્યક છે. પરિયત્તિ માટે તો તિપિટકનું સંપૂર્ણ સાહિત્ય ઉપલબ્ધ છે પ્રતિપત્તિ માટે પંચશીલ પાલન કરતાં કરતાં સમ્યક્ સમાધિ અને પ્રજ્ઞાનો અભ્યાસ કરવો આવશ્યક છે. એ માટે તેમણે શ્વાસના આવાગમન પર ધ્યાન કરવાનું અને તે થકી સમ્યક્ સમાધિ પુષ્ટ કરવાનું પ્રશિક્ષણ આપ્યું. પ્રજ્ઞા પુષ્ટ કરવા માટે શરીરની સંવેદનાઓના અનિત્ય સ્વભાવને સ્વાનુભવ દ્વારા જાણવાનું અને તેમના પ્રત્યે તટસ્થભાવ રાખવાનું પ્રશિક્ષણ આપ્યું. જે ધર્મદૂત પ્રતિપત્તિમાં પુષ્ટ હોય, તેઓએ પરિયત્તિમાં પણ પાકવું આવશ્યક છે.

**પ્રજ્ઞા :-**

પ્રજ્ઞાનો અર્થ છે પ્રત્યક્ષજ્ઞાન (એટલે કે પોતાની અનુભૂતિ દ્વારા પ્રાપ્ત થયેલું જ્ઞાન)(નહિ કે પરોક્ષ જ્ઞાન)–નહિ કે સાંભળીને કે વાંચીને સમજેલું જ્ઞાન. વિપશ્યના દ્વારા સ્વાનુભૂતિથી જે જ્ઞાન જાગે છે, તે જ પ્રત્યક્ષ જ્ઞાન છે. એટલે કે તે જ ખરા અર્થમાં પ્રજ્ઞા છે. એ જ આગળ જતાં ''પટિવેધન પ્રજ્ઞા'' બની જાય છે કે જે વર્તમાન અને અતીતકાળથી માનસના ઊંડાણમાં સંગૃહિત વિકારોનાં જડમૂળનું છેદન–ભેદન કરીને તેમનું નિષ્કાસન કરે છે. જેમ જેમ આ પ્રજ્ઞા પુષ્ટ થતી જાય છે, તેમ તેમ શીલ સ્વતઃ પુષ્ટ થતાં જાય છે. કારણ કે ભગવાન દ્વારા શીખવાડેલી પ્રજ્ઞાનો અભ્યાસ કરનારો સાધક જુએ છે કે શરીરથી અને વાણીથી દુષ્કર્મ કરતાં પહેલાં તેણે મનમાં કોઇને કોઇ વિકાર જગાડવો પડે છે અને વિકાર જાગતાં જ સાધકનું મન વ્યાકુળતાથી ભરાઇ જાય છે. આ સચ્ચાઇનો અનુભવ કરતાં કરતાં સાધક ખૂબ સમજવા લાગે છે કે દુઃશીલ થકી બીજાંની હાનિ કરતાં પહેલા હું સ્વયં પોતાની જ હાનિ કરવા લાગું છું ! ભગવાનની આ વાણી તેને સ્પષ્ટ સમજમાં આવવા લાગે છે કે '**पुब्बे हनति अत्तानं, पच्छा हनति सो परे (वसभत्थेरगाथा, १३९)** અર્થાત બીજા કોઇની સુખ–શાંતિનું હનન કરે છે. પોતાની જાતને વ્યાકુળ બનાવે છે. મનમાં વિકાર જગવતાં જ નિસર્ગના નિયમાનુસાર શરીર પર બહુ જ અપ્રિય અને દુઃખદ સંવેદનાઓ પ્રગટ થવા લાગે છે. કોઇ સાધક સાક્ષીભાવે, પ્રતિક્રિયા કર્યા વિના તેનો સ્વાનુભવ કરતો રહે તો ચિરસંચિત વિકારોની જડોનું ઉન્મૂલન થવા લાગે છે. સાક્ષીભાવ ન રાખતાં જો ભોક્તાભાવ જગાવે તો એ જ વિકારોનું સંવર્ધન થવા લાગે છે. તટસ્થ રહે તો દુષ્કર્મો સંબંધી વિકારોનું નિષ્કાસન થાય છે. દુષ્કર્મો થવાં બંધ થઇ જાય અને શીલ સ્વતઃ પુષ્ટ થઇ જાય.

ભગવાને શીખવેલી આર્ય આષ્ટાંગિક માર્ગની વિપશ્યના સાધના સાધકોને વિકારોથી મુક્તિ અપાવે છે અને અંતે જન્મ મરણમાંથી પૂર્ણપણે મુક્તિ ભણી લઇ જાય છે તેથી આ પરંપરા તેના શુદ્ધ રૂપમાં કાયમ રાખવામાં આવી અને ભારતમાં ઠેર ઠેર વિસ્તરીને લોકકલ્યાણ કરતી રહી. આગળ જતાં સમ્રાટ અશોકના શાસનકાળમાં ભદંત મોઝાલીપુત્ર તિસ્સે ભારતમાં જ નહિં, બલ્કે પડોશી દેશોમાં પણ પહોંચાડીને ત્યાંના નિવાસીઓનું કલ્યાણ કર્યું. બર્મામાં તેનું શુદ્ધ રૂપ સંભાળીને સુરક્ષિત રાખવામાં આવ્યું. તે હવે ૨૦૦૦ વર્ષો બાદ ભારત આવ્યું છે અને ભારતના લોકો માટે કલ્યાણકારી સાબિત થઇ રહ્યું છે. અહીંથી વિશ્વના અનેક દેશોમાં પણ ફેલાઇ રહ્યું છે અને ત્યાંના લોકોનું પણ કલ્યાણ કરી રહ્યું છે.

જ્યારે બુદ્ધના પ્રથમ શાસનના ૨૫૦૦ વર્ષ પૂરાં થયાં અને દ્વિતીય શાસનના ૨૫૦૦ વર્ષનો આરંભ થયો ત્યારે એક સુખદ સંયોગ ઊભો થયો.

(૧) બર્મામાં એવી માન્યતા પ્રસિદ્ધ હતી કે દ્વિતીય શાસન આરંભ થતાં ત્યાં જે બુદ્ધ ધર્મ શુદ્ધ રૂપમાં સુરક્ષિત રખાયેલો છે, તે ભારતમાં લઇ જવામાં આવશે અને ત્યાંથી આખા વિશ્વમાં ફેલાશે.

(૨) પરમ પૂજ્ય ગુરુદેવ ઊ–બા–ખિનની એવી પ્રબળ ધર્મકામના હતી કે સમ્રાટ અશોકના સમયમાં ભારતે શુદ્ધધર્મરૂપી જે અણમોલ –રત્ન બર્માને પ્રદાન કર્યું, તેથી બર્મા ભારતનું ચિરઋણી બન્યું. હવે સમય પાકી ગયો છે અને મારે બર્માને તે ઋણમાંથી મુક્ત કરવાનું છે. ભારતનું અણમોલ રત્ન ભારત સુધી પહોંચાડવાનું છે.

(૩) ભારત રત્ન બાબાસાહેબ આંબેડકર ખૂબ સારી રીતે સમજતા હતા કે ભારતથી મોકલાયેલું ધર્મ–રત્ન બર્મામાં કાયમ છે. ભારતવર્ષ તેને ખોઇ બેઠું છે. તેથી તેઓએ અત્યંત વિનમ્ર અને ભાવાવેશપૂર્ણ શબ્દોમાં બર્માની બુદ્ધ–શાસન સમિતિના એક અધિવેશનમાં પ્રસિદ્ધ ભિક્ષુઓ અને ધર્મનેતાઓને સંબોધિત કરતાં નિવેદન કર્યું કે તેઓ બુદ્ધનું ધર્મરત્ન ભારતમાં મોકલે, જ્યાં તેની નિતાંત આવશ્યકતા છે. ત્યાંના લોકો બુદ્ધને ઇશ્વરનો અવતાર માને છે. તેથી બુદ્ધના ધર્મનો સ્વીકાર કરવામાં તેઓને કોઇ ખચકાટ નહીં થાય. બર્મામાંથી બુદ્ધના ધર્મને મોકલવા માટે કોઇ પાસપોર્ટની અને ભારતમાં પ્રવેશ માટે કોઇ વિઝાની આવશ્યકતા નથી. બાબાસાહેબની તે અપીલોને સાંભળનારાઓને અત્યંત પ્રભાવિત કર્યા.

બુદ્ધ ધર્મના દ્વિતીય શાસનના આરંભમાં ઉપરોક્ત ત્રણે વાતોનો સુખદ સંયોગ થયો. અને બર્માના પ્રસિદ્ધ ધર્માચાર્ય સયાજી–ઊ–બા ખિને પોતાના એક ગૃહસ્થ નાગરિક શિષ્યને પૂર્ણપણે પ્રશિક્ષિત કરીને ધર્મદૂતના રુપમાં ભારત મોકલ્યા. એ પૂર્વ માન્યતા અનુસાર ભારતમાં અનેક લોકોએ આ ધર્મરત્નનો સહર્ષ સ્વીકાર કર્યો. આજે પણ કરી રહ્યાં છે અને તેમનું કલ્યાણ થઇ રહ્યું છે. ત્યાર પછી આ ધર્મરત્ન ભારતથી સમગ્ર વિશ્વમાં પહોંચીને વિશ્વભરનાં લોકોનું પણ કલ્યાણ કરી રહ્યું છે. કારણ કે ધર્મ કોઇ વિશિષ્ટ દેશ, વિશિષ્ટ સમય અથવા વિશિષ્ટ સંપ્રદાય માટે નથી. બલ્કે સર્વત્ર, હર સમયે, બધાં માટે કલ્યાણકારી છે. એટલે વિશ્વના બધા સંપ્રદાયોનાં લોકો તેમાં સામેલ થઇને લાભાન્વિત થઇ રહ્યાં છે. વિપશ્યનાના વર્તમાન આચાર્યો આ મૂળ શિક્ષામાં કોઇ ફેરબદલ કરવાની ભૂલ ન કરે. ધર્મ પરિશુધ્ધ અને પરિપૂર્ણ રહેશે તો લોકોનું તેવી જ રીતે કલ્યાણ કરશે, જેવી રીતે પહેલાના સમયમાં કરતો રહ્યો.

ભગવાને દેખાડેલા આ પરિશુદ્ધ અને પરિપૂર્ણ સર્વજનીન, સાર્વકાલિક, સાર્વદેશિક ધર્મનું વધુમાં વધુ પ્રસારણ થાય અને વધુમાં વધુ મનુષ્યો તેને ધારણ કરીને પોતાનું મંગળ સાધી લે ! ધર્મના નામે ક્યાંક કોઇ સંપ્રદાયનું ગઠન ન થઇ જાય. તે વાતનું ધ્યાન રાખવું આવશ્યક છે. સત્ય ધર્મના પ્રસારણનો આ જ ઉપદેશ હોવો જોઇએ. આ પ્રસારણથી વધુમાં વધુ લોકોનું મંગલ થાય ! કલ્યાણ થાય ! સૌની સ્વસ્તિ–મુક્તિ થાય.

- મંગલ મિત્ર

**સત્યનારાયણ ગોયન્કા**

જૂના સાધકોનો સેમિનાર
તા. ૨૯ જુલાઇ ૨૦૧૧ સવારે ૧૦ વાગ્યાથી
તા. ૩૦ જુલાઇ ૨૦૧૧ સવારે ૧૦ વાગ્યા
સુધી રહેશે. શક્યતઃ તા. ૨૮ જુલાઇ
રાત્રિ સુધી ધમ્મકોટ પહોંચી જશો
અન્યથા મોડામાં મોડું તા. ૨૯ જુલાઇ
સવારે ૧૦ વાગ્યા સુધીમાં પહોંચી જશો.
આપનું આવેદન પત્ર વહેલું
મોકલી આપવા વિનંતી.

## જૂના સાધકો માટેના સેમિનારનું આવેદન પત્ર

હું તા : <u>૨૯-૭-૧૧ સવાર</u> થી તા. : <u>૩૦-૭-૧૧ સવાર</u> સુધી આવવા ઇચ્છું છું.

પૂરું નામ : ____________________

ઉંમર : __________ પુરુષ/સ્ત્રી : __________ શિક્ષણ : __________

સરનામું : ____________________

____________________

____________________

ફોન : __________ મોબાઇલ : __________ ઇ-મેઇલ : __________

વ્યવસાય (નોકરી/ધંધો/વિદ્યાર્થી) કંપનીનું નામ : __________

હોદ્દો : __________ ધંધાની વિગત : __________

## ધમ્મ સેવક/સેવિકા/ટ્રસ્ટી/સી.સી.ટી/જૂના સાધકોનું સંમલેન, ૨૦૧૧

સ્નેહી શ્રી, ધર્મબંધુ / બહેન,

નમસ્કાર. આશા છે કે આપ સ્વસ્થ હશો અને સાધનામાં નિયમિત હશો. આપ જાણતા જ હશો કે છેલ્લા ઘણા સમયથી વિપશ્યના પરિવાર પૂ. ગુરુજીના બહુજન હિતાય બહુજન સુખાય અર્થે ધર્મ પ્રસારના મિશનને આગળ વધારવાની સેવા સારી રીતે કરવા પ્રયત્નશીલ છે. અનેક સાધક ભાઇ-બહેનોના સક્રિય સહયોગના પરિણામસ્વરૂપ સૌરાષ્ટ્રના નાનાં-મોટાં અનેક સ્થાનો જેમ કે જૂનાગઢ, જેતપુર, ધોરાજી, ઉપલેટા, પોરબંદર, ભાવનગર, સુરેન્દ્રનગર, ધ્રાંગધ્રા, વિરમગામ, જામનગર, ઉના, દિવ, વગેરે સ્થાનોથી વર્ષમાં લગભગ બે વખત ધમ્મકોટ કેન્દ્ર પર સ્પેશ્યલ વાહન કરી સાધકો આવે છે. અનેક લોકોને ધર્મના પથ પર કદમ માંડવાનો કે આગળ વધવાનો અવસર પ્રદાન કરે છે. સબ્બ દાનં જીનાતી. ધમ્મ દાનં જીનાતી

ધર્મદાનનું આવું કલ્યાણકારી કામ અનેક સાધકોના સક્રિય સહયોગથી સફળતાપૂર્વક થઇ રહયું છે. આવી ઉત્તમ સેવા દ્વારા આપણને એક તરફ ધર્મપથ પર આગળ ધપવા માટે જરૂરી એવી પારમિતાઓનું

| સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મકોટ'' રાજકોટ C/o. ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ-૧. (0281) 2220861-866 2782550, 94272 21591 94262 02222 | કચ્છ વિપશ્યના કેન્દ્ર ''ધમ્મસિંધુ'' બાડા. C/o. શ્રી ઈશ્વરલાલ યુ. શાહ, પ્રો. કે. ટી. શાહ રોડ, માંડવી. કચ્છ-૩૭૦ ૪૬૫ (02834) 273303, 273612, | ગુર્જર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મપીઠ'' અમદાવાદ રનોડા તા. ધોળકા, જિ. અમદાવાદ - ૩૮૦ ૮૧૦ (02714) 294690, (M) 94264 19397 | ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર- ''ધમ્મ દિવાકર'' મીઠા મહેસાણા. C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૭-અપના બજાર, વિમલ સુપર માર્કેટ, બી.કે. રોડ, મહેસાણા. (ઉ.ગુ.)-૩૮૪ ૦૦૨. (02762) 272800, 254634, 252345 (M) 94292 33000 |
|---|---|---|---|
| **૨૦૧૧ માટે ૧૦ દિવસીય શિબિરની માહિતી** | | | |
| 01-06-11 to 12-06-11 | 30-05-11 to 11-06-11 | 01-06-11 to 12-06-11 | 01-06-11 to 12-06-11 |
| 15-06-11 to 26-06-11 | 07-08-11 to 18-08-11 | 15-06-11 to 26-06-11 | 29-06-11 to 10-07-11 |
| 29-06-11 to 10-07-11 | 24-08-11 to 04-09-11 | 13-07-11 to 24-07-11 | 17-08-11 to 28-08-11 |
| 13-07-11 to 24-07-11 | 05-09-11 to 16-09-11 | 03-08-11 to 14-08-11 | 31-08-11 to 11-09-11 |
| 01-08-11 to 12-08-11 | 17-09-11 to 28-09-11 | 17-08-11 to 28-08-11 | 08-10-11 to 19-10-11 |
| 14-08-11 to 25-08-11 | 04-10-11 to 15-10-11 | 31-08-11 to 11-09-11 | 16-11-11 to 27-11-11 |
| 26-08-11 to 06-09-11 | 16-10-11 to 27-10-11 | 14-09-11 to 25-09-11 | 30-11-11 to 11-12-11 |
| 08-09-11 to 19-09-11 | 29-10-11 to 09-11-11 | 08-10-11 to 19-10-11 | |
| 09-10-11 to 20-10-11 | 10-11-11 to 21-11-11 | 23-10-11 to 03-11-11 | |
| 21-10-11 to 01-11-11 | | 09-11-11 to 20-11-11 | |
| | | 23-11-11 to 04-12-11 | |
| | | 14-12-11 to 25-12-11 | |

| **એક દિવસીય શિબિર જૂના સાધકો માટે** | | | |
|---|---|---|---|
| દર મહિનાના પહેલા અને ચોથા રવિવારે રાજકોટ શહેરમાં માસૂમ સ્કૂલ ખાતે | દર મહિનાના પહેલા રવિવારે | દર મહિનાના છેલ્લા રવિવારે અમદાવાદમાં | દર મહિનાના ચોથા રવિવારે |
| **: મોગર :** 'ધમ્મભવન' ૫-કાલિંદી પાર્ક, અકોટા. ફોન : ૦૨૬૫-૨૩૪૧૧૮૧ | | | **: ધર્મજ :** હેમંતભાઈ પટેલ (૦૨૬૯૨) ૨૪૫૪૬૦, ૨૪૫૩૦૨ મો. ૯૪૨૬૫ ૦૦૭૬૫ |
| 01-06-11 to 12-06-11 | 31-10-11 to 11-11-11 | | 06-09-11 to 17-09-11 |
| 22-07-11 to 02-08-11 | 07-12-11 to 18-12-11 | | 31-10-11 to 11-11-11 |
| 17-08-11 to 28-08-11 | | | જૂના સાધકો માટે 10-07-11 to 21-07-11 |
| 01-10-11 to 12-10-11 | | | |

## બહેનો માટે ધમ્મકોટ ખાતે ૧૦ દિવસીય શિબિર

તા. ૧-૦૬-૧૧ થી ૧૨-૦૬-૧૧ દરમિયાન ધમ્મકોટ કેન્દ્ર પર ૧૦ દિવસીય શિબિર ફક્ત બહેનો માટે રહેશે. આ શિબિરમાં જોડાવા ઇચ્છુક બહેનો સિટિ ઓફિસ / ધમ્મકોટ કેન્દ્ર પર સંપર્ક કરશો.

## ધમ્મકોટ ખાતે યુવતીઓ માટે ૭ દિવસીય શિબિર

તા. ૪-૦૬ થી ૧૨-૦૬-૨૦૧૧, ધમ્મકોટ કેન્દ્ર પર ૧૫ વર્ષ થી ૧૯ વર્ષની યુવતીઓ માટે ૭ દિવસીય શિબિરનું આયોજન થયેલ છે. રજિસ્ટ્રેશન માટે સિટિ ઓફિસ / ધમ્મકોટ કેન્દ્ર પર સંપર્ક કરશો.

## ગુરુપૂર્ણિમાના અવસરે ગ્લોબલ પગોડા પર તા. ૧૭ જુલાઇના રોજ પૂ. ગુરુજીના સાંનિધ્યમાં એક દિવસીય શિબિર

ઉપર્યુકત એક દિવસીય શિબિરમાં જોડાવા માટે સૌરાષ્ટ્રના સાધકો માટે તા. ૧૬ જુલાઇના રાજકોટથી સૌરાષ્ટ્ર મેઇલમાં એક કોચનું બુકિંગ કરવામાં આવેલ છે. તા. ૧૭ મી એ સાંજે શિબિર સમાપન બાદ સૌરાષ્ટ્ર મેઇલમાં પરત આવવાનું થશે.

જે સાધક ભાઇ - બહેનોને આ સુવિધાનો લાભ લઇ ગુરુપૂર્ણિમાની એક દિવસીય શિબિરનો પૂ. ગુરુજીના સાંનિધ્યમાં લાભ ઉઠાવવો હોય તેઓ તુરંત વ્રજલાલ વેકરીયા (મો. : ૯૪૨૯૦ ૯૮૩૩૭) નો સંપર્ક કરે. જેઓ આ સુવિધાનો લાભ ન લેવા માગતા હોય તેઓ જાતે પોતાનું બુકિંગ કરાવી શકે છે.

કુલ કેટલી શિબિર કરી ? : ____________________

| ૧૦ દિ. | ૨૦ દિ. | ૩૦ દિ. | ૪૫ દિ. | સતિ પઠ્ઠાન | સેવા ૧૦ દિ. | સેવા ૨૦ દિ. |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

આપ કયા ક્ષેત્રમાં પારંગત છો ? ____________________

આપ કયા પ્રકારની સેવા આપવા ઈચ્છો છો? ____________________

____________________

કોઈ વખત વિશેષ ધમ્મસેવાની જરૂરત હોય તો આપનો સંપર્ક કરી શકાય ? __________

____________________

તારીખ : __________ સહી : __________

સંવર્ધન કરવાનો અવસર મળે છે તો બીજી તરફ પૂ. ગુરુજીના ધર્મપ્રસારના અભિયાનમાં સહાયક બની પોતાની કૃતજ્ઞતા અભિવ્યક્ત કરવાનો મોકો મળે છે. આમ પોતાના હિતની સાથે અનેકોના હિત સુખમાં સહભાગી બનીએ છીએ.

ધર્મપ્રસારના આ મંગલકારી મિશનમાં સક્રિય એવા આપણે સહુ સાધના સાથે ધર્મસેવા અને પ્રસાર-પ્રચાર વિશે ચિંતન મનન કરી શકીએ એ અર્થે જૂના સાધકો માટે ધમ્મકોટ પર બે-દિવસીય સંમેલનનું આયોજન કરવામાં આવેલ છે.

આ સંમેલન તા. ૨૯-૭-૨૦૧૧, શુક્રવારે સવારે ૧૦ વાગ્યાથી તા. ૩૦-૭-૨૦૧૧, શનિવાર સવારે ૧૦ વાગ્યા સુધી યોજેલ છે.

બહારગામના સાધકોને તા. ૨૮-૭-૨૦૧૧ના રાત્રિ સુધીમાં કેન્દ્ર ઉપર પહોંચવા વિનંતી. તા. ૨૮-૭-૨૦૧૧ સાંજે સાત વાગે તેમ જ તા. ૨૯-૭-૨૦૧૧ સવારે ૮ વાગે ધમ્મકોટ જવા માટે સીટી ઓફિસથી વાહન વ્યવસ્થા ઉપલબ્ધ રહેશે.

આ સંમેલનનો લાભ ઉઠાવવા આપના મહત્તમ સૂચનો, વિચારો, અનુભવો, પ્રશ્નો લખી મોકલવા વિનંતિ.

આ સંમેલનનો લાભ લેવા આપને આગ્રહભર્યું નિમંત્રણ છે. આ સાથે સંલગ્ન ફોર્મ ભરી મોકલવા વિનંતી. જેથી સમયસર આપને સંમતિપત્ર મોકલી શકાય. સાધના સેવામાં આપણે ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહીએ એ જ મંગલ કામના...

**ચિંતન મનન માટેના વિષયો :–**

૧. વધુ ને વધુ લોકોને ધર્મની જાણકારી કઈ રીતે મળી શકે.
૨. સૌરાષ્ટ્રના અલગ અલગ સ્થાનો પર જિપ્સી શિબિરોનું આયોજન.
૩. જૂના સાધકોને પ્રેરણા મળે / પ્રગતિ માટે ચિંતન કરવું.
૪. ધર્મ સેવાનો લાભ કેન્દ્ર પર અન્યત્ર કઈ રીતે લઈ શકાય.


## દોહા ધરમના

નમન કરું મૈં બુધ્ધ કો, કૈસે કરુણાસાગર ।
દુઃખ મિટાવન પથ દિયા, સુખી કરન સંસાર ॥

નમસ્કાર ઉનકો કરું, જો સમ્યક્ સમ્બુદ્ધ ।
જો ભગવત અરહંત જો, જો પાવન પરિશુદ્ધ ॥

યાદ કરું જબ બુદ્ધ કી, કરુણા અમિત અપાર
તન મન પુલકિત હો ઊઠે, ચિત્ત છાયે આભાર ॥

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨, રૂવાપરી રોડ, ભાવનગર – ૩૬૪ ૦૦૫.
ફોન : (૦૨૭૮) ૨૨૧૨૪૦૧–૨–૩ ની મંગલકામના

## દોહા ધરમના

યહી બુદ્ધ કી વંદના, વિનય નમન આભાર ।
આગે બોધ અનિત્ય કા, હોવેં દૂર વિકાર ॥

ચિત્ત નિપટ નિર્મલ રહે, રહૂં પાપ સે દૂર ।
યહી બુદ્ધ કી વંદના, રહે ધરમ ભરપૂર ॥

યહી બુદ્ધ કી વંદના, પૂજન ઔર પ્રણામ ।
શુદ્ધ ધરમ ધારણ કરું, મન હોવે નિષ્કામ ॥

**ટીએમએલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ**
૩૦૧–બી ટાવર, અલ્કાપુરી આર્કેડ, આર. સી. દત્ત રોડ
વડોદરા–૩૯૦ ૦૦૭. ફોન : ૨૩૪૩૩૦૨/૦૪ ની મંગલકામના



સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા**, મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. તંત્રી : **ભરત કાપડીઆ**. વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૧.

**વિપશ્યના 17 મે 2011** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

**ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-**

'વિપશ્યના' Reg-No. GUJGUJ 08700/6/1/99-TC
Postal Reg. No. G-RJ-450
(Renewed upto 31.12.2011)
Wpp Licence No. G-PMG-RJT/015/2009

Weighs less than 10 gms
Posted without Payment of Postage.
Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
Write PIN CODE for Correct Delivery



If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
ભાભા હોટેલ, પંચનાથ પ્લોટ,
રાજકોટ – 360 001.
સિટી ઓફિસ : ફોન – (0281) 2220861-866
મોબાઈલ : 94272 21591
e-mail : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org